
# Revised National Tuberculosis control Programme

( Years 2009-2014)

The Young Citizen Charitable Trust is an NGO working in the Mehsana district. Young Citizen is working under RNTCC in collaboration with district T.B. centre, Mehsana for early diagnosis and complete treatment of TB. During 1998 to 30/11/2011 8,40,933 TB patients were covered under DOT treatment. Under the RNTCP by now 1,51,368 deaths have been prevented. The recovery ratio was 50 to 55% and mortality ratio was 28 to 30%. 8.8% treatment ratio is achieved and the mortality ratio is brought down to 4%. Under RNTCP a Contract is entered into by the Gujarat Government, district Health Office and the Young Citizen for Joint efforts to implement the programme.

**The goal of RNTCP:** To bring down mortality ratio of death due to TB and to prevent it from spreading further.

**Targeted Field:** The Young Citizen, Mahesana is working in the 14 areas with 40,200 beneficiaries in the urban slums and in nine areas with 13,600 beneficiaries in Visnagar slum. The total number of beneficiaries under RNTCP is 60,800!






M.P. Mehsana Shri Jayshriben, Collector Mr. Ajay Bhadoo, Mr. Jay Vasavada, Mr. Rajkumar Benival, SP Mr. Raju Bhargav



DISTCRICT T. B. CENTRE, MEHSANA

YOUNG CITIZEN, MEHSANA

# <u>"WANTED: LEADERS FOR A TB-FREE WORLD"</u>

# સુધારેલ રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ

## જિલ્લા ક્ષય કેન્દ્ર, ગાંધીનગર દ્વારા આયોજીત

# વિશ્વ ક્ષય દિન, ૨૪મી માર્ચ-૨૦૧૮

## નિમિત્તે મહેસાણા જીલ્લામાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ

## ધી યંગ સીટીઝન ઓફ ઈન્ડિયા

## ચેરીટેબલ ટ્રસ્ટ, મહેસાણાને

## શ્રી નિતીનભાઈ પટેલ, નાયબ મુખ્ય મંત્રી, ગુજરાત રાજય

## તરફથી એવોર્ડ આપી નવાજવામાં આવ્યા.



## ➢ પૂર્વ ભૂમિકા:

સુધારેલ રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા ક્ષય કેન્દ્ર, ગાંધીનગર દ્વારા વિશ્વ ક્ષય દિન, ૨૪મી માર્ચ-૨૦૧૮ની ઉજવણી નિમિત્તે ગુજરાત રાજયમાં ટી.બી. ના દર્દી શોધવા અને શોધીને તેને અસરકારક ઈલાજ અપાવવામાં રાજય કક્ષાએ સામાજીક સંસ્થાઓને ઉત્કૃષ્ટ, ઉમદા અને પ્રસંશનીય કામગીરી કરવા બદલ એવોર્ડ આપવા માટે ગાંધીનગર ખાતે તા. ૨૪/૦૩/૨૦૧૮ ને શનિવારે આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ગુજરાત રાજયના તમામ જીલ્લાના ટી. બી. ઓફિસરો, ડોકટર્સ, અને સામાજીક સંસ્થાના પ્રતિનિધિ કાર્યક્રમમાં હાજર રહેલ હતા.

સદર કાર્યક્રમમાં શ્રી નિતીનભાઇ પટેલ, નાયબ મુખ્ય મંત્રી, ગુજરાત રાજય પણ હાજર રહેલ હતા.

## ➢ ઈનામ વિતરણ :

કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. પરેશ દવે, મુખ્ય અધિક્ષક, ગાંધીનગર દ્વારા મંચસ્થ દરેક મહેમાનશ્રીઓનું કાર્યક્રમમાં સ્વાગત છે, એ ભાવ સાથે દરેક મહેમાનશ્રીઓનું પોતાના ક્ષેત્રમાં આગવું યોગદાન રહેલું છે, તેનો ઉમદા પરિચય આપ્યો, અને પછી શ્રી નિતીનભાઇ પટેલ, નાયબ મુખ્ય મંત્રી, ગુજરાત રાજય ના વરદ હસ્તે મહેસાણા શહેરમાં છેલ્લા ૨૦ (વીસ) વર્ષથી આરોગ્ય, શિક્ષણ, અને પીવાના પાણી અંતર્ગત કાર્યરત ધી યંગ સીટીઝન ઓફ ઈન્ડિયા ચેરીટેબલ ટ્રસ્ટ, મહેસાણાને શહેરમાં ચાલતા ટી.બી. કેન્દ્રમાં શહેરમાંથી ટી.બી. ના દર્દી શોધવા અને શોધીને તેને અસરકારક ઈલાજ અપાવવામાં રાજય કક્ષાએ ઉત્કૃષ્ટ, ઉમદા અને પ્રસંશનીય કામગીરી કરવા બદલ એવોર્ડ આપવામાં આવે છે તેવી જાહેરાત કરી અને ઉપસ્થિત તમામ લોકોએ તાળીઓના ગડગડાટથી તેમને વધાવી લીધા હતા.






DISTCRICT T. B. CENTRE, MEHSANA | YOUNG CITIZEN, MEHSANA

# સુધારેલ રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ

## જિલ્લા ક્ષય કેન્દ્ર, મહેસાણા અને યંગ સીટીઝન, મહેસાણા

## દ્વારા આયોજીત

# વિશ્વ ક્ષય દિન, ૨૪મી માર્ચ-૨૦૧૮

## નિમિત્તે કિટ વિતરણ કાર્યક્રમ

## <u>“WANTED: LEADERS FOR A TB-FREE WORLD”</u>




**મંચસ્થ મહાનુભાવોમાં ડાબેથી ડો. અમર વ્યાસ, સ્થાપક, યંગ સીટીઝન, મહેસાણા, ડો. કમલેશભાઈ પટેલ, એમ.ઓ. જિલ્લા ક્ષય કેન્દ્ર, મહેસાણા, શ્રી અમુલભાઈ રાવલ, મહેસાણા કેમીસ્ટ એસોસીએશન, મહેસાણા, શ્રી મયુરભાઈ ખમાર, પ્રમુખ, માર્કેટયાર્ડ, મહેસાણા, શ્રી નરેન્દ્રભાઈ શાહ, મંત્રી, ટી.જે. હાઈસ્કૂલ, મહેસાણા, સુશ્રી આયેશાબેન પટેલ, ચેરમેન, પીસી-પીએનડીટી કમીટી, મહેસાણા, ડો. બી.બી. સોલંકી, જિલ્લા ક્ષય અધિકારી, મહેસાણા, ક્રિશ્નાબેન એ. વ્યાસ, યંગ લીડર, મહેસાણા.**

## ➢ પૂર્વ ભૂમિકાઃ

સુધારેલ રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા ક્ષય કેન્દ્ર, મહેસાણા અને યંગ સીટીઝન, મહેસાણા દ્વારા  વિશ્વ ક્ષય દિન, ૨૪મી માર્ચ-૨૦૧૮ની ઉજવણી નિમિત્તે  મહેસાણા શહેર તથા આજુબાજુના ગામોના ક્ષય થયેલ દર્દીઓને શારીરિક રીતે  સ્વસ્થ બનાવવાના પ્રયાસના ભાગરૂપે એક કિટ વિતરણ કાર્યક્રમનું  જિલ્લા ક્ષય કેન્દ્ર, મહેસાણા ખાતે તા. ૨૮/૦૩/૨૦૧૮ ને બુધવારે આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મહેસાણા શહેર તથા આજુબાજના ગામોના ક્ષય  થયેલ દર્દીઓને સદર કાર્યક્રમમાં હાજર રાખેલ હતા.

જેમાં જિલ્લા ક્ષય કેન્દ્ર, મહેસાણા ના પ્રતિનિધિ તથા અન્ય સ્ટાફમિત્રો, તથા યંગ સીટીઝન, મહેસાણા,  પીસી એન્ડ પીએનડીટી કમિટી, મહેસાણા, મહેસાણા કેમીસ્ટ એસોસીએશન, માર્કેટયાર્ડ, મહેસાણાના પદાધિકારી હાજર રહેલ હતા.

## ➢ મહેમાનશ્રીઓનો સ્વાગત પરિચયઃ

કાર્યક્રમની શરૂઆતમાં  ડૉ. અમર  વ્યાસ, સ્થાપક, યંગ સીટીઝન, મહેસાણા દ્વારા મંચસ્થ દરેક મહેમાનશ્રીઓનું કાર્યક્રમમાં સ્વાગત છે, એ ભાવ સાથે દરેક મહેમાનશ્રીઓનું  પોતાના ક્ષેત્રમાં આગવું યોગદાન રહેલું છે, તેનો ઉમદા પરિચય આપ્યો.





ડૉ. અમર  વ્યાસ, સ્થાપક, યંગ સીટીઝન, મહેસાણા
મહેમાનશ્રીઓનો સ્વાગત પરિચય આપતા દ્રશ્યમાન થાય છે.

➢ **<u>પ્રાસંગિક પ્રવચનઃ</u>**

**<u>ડૉ. અમર  વ્યાસ, સ્થાપક, યંગ સીટીઝન, મહેસાણા</u>**





**ડૉ. અમર વ્યાસ, સ્થાપક, યંગ સીટીઝન, મહેસાણા પોતાના વકતવ્યમાં કહ્યુંકે, સુધારેલ રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત, વિશ્વ ક્ષય દિન, ૨૪મી માર્ચ-૨૦૧૮ની ઉજવણી નિમિત્તે આજના કાર્યક્રમનું  આયોજન કરવામાં આવ્યું છે. આજના આ કાર્યક્રમ અંગે વાત કરતા કહ્યું, વિશ્વના ફલક ઉપર ટી. બી. એક ખૂબજ ચેપી રોગ છે. પહેલાના જમાનામાં ટી. બી. ની સારવાર ઝડપથી થઈ શકતી ન હતી, પરંતુ આજના જમાનામાં આધુનિક ઉપકરણો અને ઈલાજકારક દવાઓથી હવે ટી. બી. થવાથી ગભરાવવા જેવું નથી. હવે વિશ્વમાં એક એવી હાકલ થઈ છેકે, ૨૦૩૦ સુધીમાં ટી. બી. ના રોગને સદંતર ભગાવી મૂકવાનો છે, મતલબકે, દુનિયામાં કોઈ એક પણ વ્યકિતને ટી. બી. નો રોગ ન થવો જોઈએ. ત્યારે આ વાતને ખૂબજ ગંભીર ગણાવી આપણા માનનીય વડાપ્રધાનશ્રીએ  એવી જાહેરાત કરી છે કે, આપણા ભારતમાંથી ટી. બી. ના રોગને ૨૦૨૫ સુધીમાં તિલાંજલી આપવી છે. માટે હવે આપણે બે વાતોનો ખ્યાલ રાખવો પડશે, એક – ટી.બી. ન થાય તે માટે સલામતી જાળવવી અને બીજું જો ટી. બી. થઈ જાયતો તેનો સમયસર અને પૂરો ઈલાજ કરાવવો, અને આ ઈલાજ દરેક જગ્યાએ મફત થાય છે, અને અસરકારક થાય છે. માટે હવે ગભરાવવાની જરૂર નથી, પણ સાવચેતી રાખવાની છે કે આ રોગ બીજાને ન થાય, એવી સરસ ભાષામાં આખી વાતને રજૂ કરી.**

**આગળના વકતવ્યમાં એમણે જણાવ્યુંકે, આ વખતના સ્લોગન મુજબ સમાજમાં લીડરોએ અને યુવાઓએ આગળ આવવું પડશે, અને ટી.બી. ના આ રોગને જડમૂળથી હટાવી દઈ ખરેખર અર્થમાં ભારતને ટી. બી. મુકત ભારત બનાવવું  પડશે. આના માટે સરકાર તો ખૂભ જ અસરકારક પગલાં લઈ રહી છે, દર્દીને ખૂબજ મોંઘામાં મોંઘી દવાનો જથ્થો પૂરો પાડવો, તેમની દેખરેખ રાખવી, ડોકટર અને હોસ્પિટલના સ્ટાફ મિત્રો પણ નોકરી ની સાથે લાગણીથી કામ લઈ દર્દીને જલદી માં જલદી સાજો કરવાના તમામ પ્રયત્નો હાથ ધરે છે. તેની સાથે હવે સ્વૈચ્છિક સંસ્થાઓ પણ પોતાનો ફાળો આપે છે, અને હવે <u>“WANTED: LEADERS FOR A TB-FREE WORLD”</u> સ્લોગન મુજબ સમાજમાં રાજકીય, સામાજીક ક્ષેત્રના પ્રતિનિધિઓ, આગેવાનોએ આ ભગીરથ કામમાં સાથ અને સહકાર આપવો પડશે તો જ ખરા અર્થ માં આપણે ભારતને ટી. બી. મુકત કરાવી શકીશું.**

**<u>ડો. બી. બી. સોલંકી, - જિલ્લા ક્ષય અધિકારી, મહેસાણા.</u>**



**ડો. બી. બી. સોલંકી, - જિલ્લા ક્ષય અધિકારી, મહેસાણાએ પણ એમની સુંદર ભાષામાં આખી વાતની રજૂઆત કરી, અને સ્લોગન મુજબ સમાજમાં બધા લીડરોએ આ વાતની આગેવાની લેવી પડશે, ત્યારેજ ટી. બી. મુકત ભારત બનશે. ડો. સોલંકીએ આંકડાકીય માહિતી આપતા કહ્યુંકે, આખા ભારતમાં ટી. બી. ના દર્દી શોધવામાં અને શોધીને તેને તરતજ ઈલાજ અપાવવામાં ગુજરાત સૌથી મોખરે છે. અને એજ રીતે આખા ગુજરાત અને ભારત લેવલે આપણો મહેસાણા જીલ્લો સૌથી મોખરે છે.**

**આગળના વકતવ્યમાં એમણે જણાવ્યુંકે, આ વખતના સ્લોગન મુજબ સમાજમાં બધા લીડરોએ અને આગેવાનોએ આગવી પહેલ કરવી પડશે, અને ટી.બી. ના આ રોગના દર્દીને દવા સાથે સામાજીક, કૌટુંબિક લાગણી અને હૂંફ પણ મળવા જોઈએ, તેઓની સાથે કુંટુંબના બીજા લોકોએ સારો અને સદભાવના પૂર્વકનો વ્યવહાર કરવો જોઈએ, તેવી અસરદાર વાત કરીને ટી. બી. ના દર્દીને આશ્વાસન આપવું પડશે, અને સમાજમાં કોઇ તેનો તિરસ્કાર કરે નહી, એ બાબતનો પણ ખ્યાલ રાખવો પડશે. એવી વાત કરી.**

- **<u>IEC Material નું મહેમાનશ્રીઓના વરદ હસ્તે ઈનોગ્રેશન (ઉદ્દઘાટન):</u>**

**ત્યારબાદ યંગ સીટીઝન સંસ્થા, મહેસાણા દ્વારા બનાવવામાં આવેલ** IEC Material **(ટોપી) નું મહેમાનશ્રીઓના વરદ હસ્તે ઈનોગ્રેશન (ઉદ્દઘાટન) કરવામાં આવ્યું.**





- **<u>કિટ વિતરણ :</u>**

**<u>મંચસ્થ તમામ મહાનુભાવોના હસ્તે દર્દીઓને કિટ નું વિતરણ કરવામાં આવ્યું.</u>**











WANTED: LEADERS FOR A TB-FREE WORLD








WANTED: LEADERS FOR A TB-FREE WORLD

